લેખક -

મોતિલાલ છોટા

અમદાવાદ—"મહીકાંઠા ગેઝેટ" પ્ર.

માં વ્યાસ મોતીલાલ [illegible]લાલે છાપ્યું

સંવત ૧૯૬૯ ૨૦૦ સને ૧૯..

આવૃતિ ૧ લી પ્રત [illegible] ટપાલ ખર્ચ વગરની [illegible]

ત્રા,
ાવતા,
માં ઘડિયાળ,
ા ડરાવતા. ૧

ચસકો તો ચોટી ગયો,
. વિસ્કી પીવા ચ્હાય છે.
. વીના ગમે તેની સાથે બેસી,
ા ખાણું ખાત ધરી ખાય છે.
મોટાં મોટાં ભાષણો આપીને ભાઈ,
. ગીત રૂડી રીતે નિત ગાય છે.
તળે અંધારૂ તે દેખે નહીં ાવાનાઓ,
ધારો ' સુધારો ' ખાલી ' ખુશી થાય છે. ૨

શીઆરી વધી છે આજ,
કામિની

દયારામ અને ઉર્મિલા
અથવા
સુધારો કે સેતાન.

પ્રકરણ ૧ લું.

સ્ત્રીઓના ગપાટા સપાટા.

અહો ! કુસુમ બહેન આજે ઘણા દીવસે દર્શન દીધાં, શહેરમાં હાજર હોવા છતાં દશે પંદરે પણ દર્શન ન મળે, એતે શું? અલકકીશોરીએ આવકાર આપતાં મજાકમાં વાત ચીતની શરૂઆત કરી.

વાહરે ! બહેન ? તમારાં દર્શન તો દેવને પણ દુર્લભ છે, છતાં ઉલટાં લેતાં પડો છો. એ શું યોગ્ય છે કે ? અમે ચાલીને તમારે ઘેર આવીએ, પણ તમે ક્યાં મળો છો? કોઇ દીવસ આવીએ, ત્યારે ઘરના નોકરોથી ખબર મળે છે, કે આજે તો શેઠાણી સ્ત્રીકલબમાં ગયાં છે, વળી કોઈ વખત મિટીંગમાં ગયાનું માલમ પડે છે, અને કોઈ વાર સેવાસદનમાં સીધાવ્યાના સમાચાર સાંભળી પાછાં જઇએ છીએ. આવી રીતે મહિનામાં કેટલાએ ધક્કા ખાઇએ, છતાં તમને તો તે ગણત્રીમાંજ ક્યાંથી આવે. કુસુમે ખુલાસો કર્યો!

હા, બહેન ખરીવાત છે, મને પબ્લીકના કામ આડે મુદ્દલ પુરસદ મળતી નથી, તેમાં પેલા સુધારાના શત્રુઓ, જુના વિચારવાળા–ઓરથોડોક્સો અમને જંપીને પણ બેસવા દેતા નથી, અમે સુંદર મકાન ચણી ટોચે લાવીએ છીએ, ત્યાં તેઓ પાયામાંથી એક ઈંટ ખસેડી નાખે છે, કે આખું મકાન કડડધુસ કરતું જમીન દોસ્ત થઇ જાય છે પણ ફીકર નહીં, અમે કાંઇ તેમનાથી ડરીશું નહીં, અને નાહીંમત બનીશું નહીં. અમે અમારા પ્રયત્નમાં ઘણે દરજ્જે ફતેહમંદ થયાં છીએ, અને અમને ખાત્રી છે, કે સુધારાના શત્રુઓ છેવટ થાકવાના, પાકવાના, અને અમારી ફતેહ થવાની- અલકકીશોરીએ સગર્વ પોતાનો વ્યવસાય વીદીત કર્યો.

વારૂ ! પણ તમારા પ્રયત્નનું પરિણામ શું આવ્યું ? એતો જરા કહો. કુસુમે મોં ઠેકાણે રાખી પ્રશ્ન કર્યો.

અરે ! પરિણામ! પરીણામ સોએ સોટકા અમારા લાભમાંજ આવ્યું છે. જુઓ, બાળલગ્નો બંધ થયાં છે, અને બાળાઓ વીશપચીસ વર્ષનું વય થતાં લગી પરણવાનું પસંદ કરતી નથી ! લગ્નો 'લાકડે માંકડું' વળગાડવા જેવાં થતાં નથી, પણ કન્યાઓ પસંદગી કરીને પરણે છે? મા બાપ તેમાં દરમ્યાન થતાં નથી! સ્ત્રીઓને સુધારકો સંપૂર્ણ છુટ આપે છે; અને તેથી કાન્તાઓ ગમે ત્યાં ફરે છે, ને મરજીમાં આવે તેમ આચરે છે ! બસ ! આ શું અમારો ઓછો વિજય છે ? અલકકિશોરીએ મગરૂરી સાથે પ્રતિપ્રશ્ન કર્યો.

વાહ ? તમારા વિજયની ખ્યાતિ તો દેશ અને પરદેશ લગી પહોંચી ગઇ દેખું, રાંડેલીઓને માંડેલીઓ કરવાની વાત તમે કેમ વીસરી જાઓ છો. કુસુમે કટાક્ષમાં ટાણો માર્યો.

અલબત્ત ! એ બાબતતો સુધારકોએ ખાસ અગત્યની ગણેલી છે. સુધારાના સિદ્ધાંતોમાં વિધવાવિવાહનું અગ્રસ્થાન છે, વિધવાઓના ઉદ્ધારને અર્થે અસ્ખલિત ઉદ્યોગ કરવાની અમારી ફરજમાં અમે કદી પાછાં પડીશું નહીં. વિધવાઓને સમજાવી ફોસલાવી અમે પુનર્લગ્નો કરાવીશું, વાંઢાઓની વીટમ્બણા ટાળીશું ! અને પુનર્વિવાહિત દંપતિનો આશીર્વાદ લઇશું. બ્હેન ! બીચારી વિધવાઓ દેશમાં કેટલી દુઃખી છે? કેટલીક તો કેવળ ગુલામડીની સ્થીતિ ભોગવે છે. આપણી સ્વદેશભગિનીઓ આવી રીતે કષ્ટ સહન કરે, તે આપણે જોઈ રહેવું ? નહીં, નહીં, સુધારકોનાં હૃદય કંઇ પાષાણમય નથી. સુધારકોતો પોતાની બહેનોના ભલાને ખાતર તન, મન, ધન સાથે આબરૂનું બળિદાન આપવાને તૈયાર છે ! અલકે સુધારકોના સ્વાર્પણની પ્રસંસા કરી.

હા, તમે કહોછો, તે ખરૂં, પણ હાલ સુધીમાં કોઈ એવાં પ્રતિષ્ઠીત સ્રી પુરૂષનાં પુનર્લગ્ન થયાના દાખલા બ્હેન તમે કવચીતજ બતાવી શકશો. ચિત્તા દેવી શિવાય અન્ય કન્યા મળવાની આશા નહોય, "બાઇને કોઇ લે નહીં, ને ભાઇને કોઇ દે નહીં." એવો પ્રસંગ હોય, અથવા વૈધવ્ય પ્રાપ્ત

થયા પછી મન વશ ન રહ્યાથી, આડો અવળો પગ પડી ગયો હોય, ને ફજેતફાળકે ચઢવાનો પ્રસંગ આવ્યો હોય, ત્યારે છાવરવાને–ઢાંકવાને પુનર્વિવાહનો રસ્તો પસંદ કરવામાં આવે છે, એમ હું તો ઘણા દાખલામાં જોઉં છું, અને તેમાં સંડોવાએલા પુરૂષોને પછી ફરજીઆત એવી વિધવાઓને ગળે બાંધવી પડે છે, મારો અનુભવતો આવો છે, તમારો હોય તે ખરો. કુસુમે તત્વ તપાસવા ચીંગારી મુંકી.

છટ નોન્સન્સ ! ગમે તેમ હોય તેની ફીકર નહીં, પણ વિધવાઓને કોઈ રીતે સુખી કરવી, એજ અમારો આશય છે. સુધારકોએ ઝીણી ઝીણી બાબતો તરફ લક્ષ આપવાનું નથી, માત્ર ગમે તે રીતે મુળ સીદ્ધાંત સીદ્ધ થાય, એટલુંજ જોવાનુ છે. વળી વિધવાઓ છુટથી પુરૂષોના પ્રસંગમાં આવે, તેમની કામવૃત્તી સતેજ થાય, અને પુરૂષો સાથે પ્રેમમાં પડે, તોજ અમારો હેતુ બર આવી શકે. અને તેટલા માટે અમે સ્ત્રીઓને છુટ આપવાની હિમાયત કરીએ છીએ. માનસિક ઇચ્છાઓને દબાવી રાખવાનું, અરે ! બળાત્કારે મારી નાખવાનું અમે પસંદ કરતાં નથી. માણસ જાતને સ્વતંત્રતા યાને છુટ ભોગવવાનો હક છે, તેમાં જેટલો હક પુરૂષોનો છે, તેટલોજ બલકે તેથી વિશેષ સ્ત્રીઓનો છે! એવો અમારો મત છે. સાંભળ્યું બહેન ! અલકે આવેશથી ઉદ્‌ગાર કાઢ્યા.

બહેન ! તમારો મત તમને મુબારક રહો ! પણ હું તો વિધવા કે સધવા પરપુરૂષના પ્રસંગમાં આવે, તેની સાથે છુટથી હરે ફરે, એ વાતને સખત રીતે ધીક્કારૂં છું. જુઓને, અગ્ની આગળ ઘી મુકો, તે ઓગળ્યા વિના રહેશે કે ? આપણા શાસ્ત્રકારો કથી ગયા છે કે " ગુરામાં બુરી એકાન્ત " તો પછી એકાન્તમાં પરપુરૂષ સાથે વિધવા કે સધવા પ્રસંગમાં આવે, તો પાણી ફર્યા વિના રહેજ નહી. પછી ભલે ભાઇ બહેન હોય, પિતા પૂત્રી હોય, ગુરૂ શિષ્યા હોય, ગમે તે હોય. પણ પરપુરૂષ સાથે સ્ત્રીએ છુટ લેવાનું કે એકાન્તમાં રહેવાનું સારૂ ફળ આવેજ નહીં, એમ હું તો દ્રઢતાથી માનું છું. કુસુમે ખુલ્લા દીલે પોતાનો વીચાર દર્શાવ્યો.

બહેન, મારા અને તમારા વિચારમાં આશમાન અને જમીન જેટલો તફાવત છે, તેમ મારો વિચાર યથાર્થ તમે સમજ્યાં નથી. સ્ત્રી છુટ ભોગવે, તેની ઇચ્છા પ્રમાણે વર્તે, પછી તેમાંથી ગમે તેમ થાઓ, એ અમારે શા માટે જોવુ જોઇએ ? વળી અમો સુધારાવાળાનું મનોબળ જુદાજ પ્રકારનું હોય છે, એટલે સુધારા વાળાં સિવાય બીજાંની સાથે તેને પાટો ચોંઠે નહીં, અને સ્ત્રી પુરૂષ બંને સુધારાવાળાં હોયતો તેમાં પછી બાધ શું છે ? અલકે સુધારાનું સત્ય રહસ્ય બતાવ્યું.

અરે ! તમારા વિચાર અને સુધારકોના આચારથી તો ધર્મ-નીતિનું નિકંદન નિકળી જશે, વ્યભિચાર ઘરઘરમાં વ્યાપ્તમાન થશે, અને જ્ઞાતી-જાતીની પ્રાચિન પ્રણાલિકા વિછિન્ન થઇ ગયા વિના રહેશે નહીં, પ્રજા વર્ણસંકર પેંદા થશે. કુસુમે સત્ય રહસ્ય સ્પષ્ટ કર્યું.

બહેન, તમે કેળવાએલાં છો. તમારા પતિ પણ કેળવણી પામેલા છે, છતાં તમને જુના વિચાર વાળાં જોઇ મને સખેદાશ્ચર્ય ઉપજે છે તમારે જાણવું જોઇએ કે, સુધારકોના કોશમાંથી વ્યભિચાર શબ્દને તો સદાને માટે બાતલ કરેલો છે, ધર્મ-અને નીતિની વ્યાખ્યા તમે ગમે તે કરો, પણ એ શબ્દની વ્યાખ્યા અમે જુદી કરીએ છીએ ! જ્ઞાતિ બંધનતો દેશની ઉન્નતિમાં આડી ખીલી રૂપ થનાર છે, અને તેથી તેને તોડવાનો અમારો દ્રઢ નિશ્ચય છે, વર્ણસંકરતાનો વાસ્તવિક લાભ તમે સમજતાં નથી ! તેથી ગમે તેમ બકો છો. અલકે જરા ચીડાઇને કહ્યું.

અરે ! તમે ગુસ્સે શા માટે થાઓ છો ? મને સુધારાની કૃતિની રતીભર ગતી નથી, એ માર્ગમાં મેં પ્રવેશ કર્યો નથી, એટલે બેન પુછુંછું કુસુમે હાવકું મોં રાખી ગંભીરતા દર્શાવી,

તમને એકવાર મેં કહ્યું, કે તમારે જાણવુંજ જોઇએ, કે કેળવાએલાં સ્ત્રી પુરૂષોએ સુધરેલા વિચાર ગ્રહણ કરી ઉદાર રહેવું જોઇએ ઝીણી ઝીણી બાબતોમાં સુધારકોએ

ધ્યાન આપવાનું નથી પણ માત્ર સામાન્ય હિતની વાત વિચારમાં રાખી વીચરવાનું છે. વ્યભિચાર દોષની વિષાત વિનાની વાતને વળગી રહી સ્ત્રીઓને ઘરમાં ગોંધી રાખીએ, લાંબા ઘુંઘટા વાળી લાજ કઢાવીએ-કાઢીએ, તો સ્ત્રીઓને દુનિયાંદ રીતનું જ્ઞાન ક્યાંથી અને ક્યારે મળે? પુરૂષોના પ્રસંગમાં સ્ત્રીઓ છુટથી ભેળાય, ગમે ત્યાં ફરે હરે, તો આપણી સ્ત્રીઓમાં જે જુસ્સાની ખામી છે, તે ખામી દુર થાય, અને એવી અગત્યની સુધારણાનો લાભ ઇચ્છતાં કદાચ સ્ત્રીઓ પોતાની અંગત ઇચ્છા તૃપ્ત કરે. તમે જેને વ્યભિચાર કહો છો, તે આચરે! તેમાં મને કાંઇ નુકશાન લાગતું નથી. પસંદગીનાં લગ્નોને અભાવે સ્ત્રીઓ પરપુરૂષોમાંથી ચ્હાય તેને પસંદ કરી તેનાથી પ્રેમ પરાગનો લાભ લે તેનાં અન્યાય જેવું શું છે? પુરૂષને સ્ત્રી પસંદ ન પડે, અગર કોઇપણ કારણ સર તે બીજીને ચ્હાય છે, ત્યારે શું સ્ત્રીઓને તેમ કરવાનો હક નથી કે? વળી જ્યાં સ્વતંત્રતા અને છુટ ઉપર છીણી મુકાતી હોય, તેવા પ્રસંગે ધર્મ અને નીતિને તીલાંજલી આપવાનો પ્રીન્સીપલ માન્ય કરવાનો છે. અને એજ ધોરણને અનુસરી અમે જ્ઞાતિ બંધન તોડી નાંખવાને તત્પર થઇએ છીએ; પ્રજા જ્ઞાતિઓના વાડામાં પુરાયાથી પડતી દશાને પામી છે. માટે બસ. અમારે જ્ઞાતિની સંજ્ઞા નજ. જોઇએ! અને તેટલા માટે ગમેતો નાગરની કંન્યા ભંગીને

પરણે ! અને બ્રાહ્મણો અંત્યજો સાથે એક પંગતે જમે ! તેમાં અમે કોઈ પ્રકારનો બાધ ગણતાં નથી, બલકે એવાકાર્યને ઉત્તેજન આપીએ છીએ. શું? તમને ખબર નથી, કે કાઠીઆવાડી ઘોડી કેસર કે માણુકીના પેટે ખચ્ચરથી જે વછેરાં થાય છે, તેમાં ચાંચલ્ય ઓરજ હોય છે ! વર્ણસંકરતાના અભાવેજ આપણી પ્રજા સીદાતી રહી છે, અને અધોગતીને પામી છે. માટે હવે તેના ઉદ્ધારને અર્થે ગમે તે જાતની સ્ત્રી ગમે તે જાતના પુરૂષોને પરણે. એજ પસંદ કરવા જોગ છે, અને તેમનાથીજ અમારો ટેકો દે ! એવાં સંતાનો ઉત્પન્ન થશે. સાંભળ્યું કુસુમ બહેન. અલકે મુમ મલકાતી જુસ્સાથી સુધારાના વિચાર જાહેર કર્યા.

અરે ! જે કેલવણીથી સ્ત્રી પુરૂષોના અંતરમાં આવા વીષ વૃક્ષનું બીજ રોપાણુ થાય છે એ કેલવણી નહીં, પણ દેશનું નિકંદન કાઢનાર પાપી પિશાચ છે ! મને લાગે છે, કે એ પિશાચે બેન તમને પુરેપુરાં પોતાના પંજામાં સપડાવ્યાં છે, તેથી આર્યત્વને લજાવનાર અધમ વિચારો ગ્રહણ કરી વિપરિત માર્ગે વિચરો છો. મને તો તમારો વિચાર વિભવ વિલોકી અનીવાર્ય ખેદ પેદા થાય છે, માટે હવે બસ કરો. કુસુમે તિરસ્કાર દ્રષ્ટિથી અલકને જાગૃત કરી.

અલકકીશોરી સુધારાના તાનમાં તન્મય હતી, સુધારાનો મધ તેની રગે રગમાં પ્રસરેલો પ્રત્યક્ષ દેખાતો હતો, અને તેના

ઘેનમાં હું શું બોલું છું તેનું તેને ભાન નહોતું. કુસુમ બહુ વાર થવાથી ઉઠવાની તૈયારી કરતી હતી. એટલામાં ઘરના એક નોકરે આવી અલકના હાથમાં એક વીઝીટીંગ કાર્ડ મુક્યું, અલકે ઉતાવળથી એડ્રેસ વાંચી બતાવ્યું, અને તે "મીસપ્રમોદા" ના નામનું હતું. અલકે હર્ષીત વદને ઉદ્‌ગાર કાઢયા; કે બેસો બહેન કુસુમ, મીસ પ્રમોદા અમારા મંડળમાં ઉત્તમ વ્યાખ્યાનકાર છે, તેમણે સુધારાના સીદ્ધાંતોનો સ્ટડી (અભ્યાસ) બહુ સારો કર્યો છે. સારા સુધારા કોના સહવાસમાંજ તે રાત દીવસ રહે છે, એટલે તેઓ તમારા મનનું સમાધાન બહુ સારૂ કરી શકશે, આટલું કહી અલક કુરશી ઉપરથી ઉઠીને બારણા પાસે પ્રમોદાને રીસીવ કરવાને ગઈ. અને સેકહેંડ કરી હાથ પકડીને તેડી લાવી કુસુમ એક કુરશી ઉપર બેશી રહી હતી, તે આવનાર ફેશનેબલ બાળાને જોઇ આશ્ચર્યચકીત થઇ ગઇ, તેને કેવી રીતે આવકાર આપવો, તે પણ તેને સમજાયું નહીં પ્રમોદાએ પણ તેની દરકાર ન કરી, શેકહેંડ ચુકીકી પથરાયા પછી અલકે કુસુમ તરફ દ્રષ્ટી કરી કહ્યું, કે બહેના આ મીસ પ્રમોદા અમારા મંડળનાં નેતા છે, એમણે બી. એ. સુધી કેળવણી લીધી છે, સુધારાનાં ચુસ્ત હીમાયતી છે. અને તેથી લાયક પતી ન મળવાથી પચીસ વર્ષનાં થયાં, પણ હજી કુવારાં છે તેમનામાં જાહેર હીંમત પ્રસંસાપાત્ર છે અને તેટલાથી તમે સ્વીકારશો, કે તેમને માટે એમના પીતાએ એક લાયક

વર શોધી કાઢયો, તેણે એમ. એ. ની ડીગ્રી મેળવેલી હતી ઉંચ કુળનો કહેવાતો હતો, સ્વરૂપ સૌંદર્ય સાધારણ ઠીક હતું; એ સઘળું છતાં તેનો આચાર વિચાર બહેનને પસંદ ન પડયો ! એથી તેની સાથે પરણવાની પ્રમોદા બહેને ચોખ્ખી ના પાડી. અને પોતાને લાયક પતી ન મળે, તો તદન બાળકુંવારાં રહેવાનો નિશ્ચય કરી બેઠાં છે, અને પોતાની સ્વદેશી બેનોને પરતંત્રાતાની બેડીમાંથી મુક્ત કરી સુખી કરવાનો યાવત શ્રમ કર્યા કરે છે ! અલકે પ્રમોદાને ઇન્ટ્રોડયુસ કર્યો,

કુસુમ પચીસ વર્ષની પ્રમોદાને વાંઢી વિલોકી ઘડી ભર વીચાર ગ્રસ્ત રહી બોલી, કે પોતાની જ્ઞાતિનો વિદ્વાન વર મળવા છતાં તેનો આચાર વિચાર એવો શું દીઠો કે પ્રમોદા બહેને તેને પસંદ ન કર્યો ! શું તે કંઇ દારૂડીયો કે માંસાહારી હતો ? કુસુમે પ્રશ્ન કર્યો.

પ્રમોદા તત્કાળ બોલી ઉઠી કે નહીં દારૂડિયો કે માંસાહારી હોય, તેની અમો સુધારાવાળા, ને હરકત નહીં, પણ એતો તદન જુના વિચારનો, નાહી ધોઇને સંધ્યા પુજા કરવી! સોડા લેમન આઇસને અડકવું નહીં ! ઇગ્લીશ હોટલોમાંતો શું ? પણ સામાન્ય દેશી હોટલોમાં ખાતાં પીતાં ભ્રષ્ટતાથી ભડકે ! જાણે અજાણે કોઇ અપરીચીત અડે તો સાવબોળ

સ્નાન કરે ! પોષાક પણ ઓલ્ડ ફેશનનો ! અને વળી મારી પાસે એવી સરત કરાવવા માગતો હતો, કે પરપુરૂષો સાથે પ્રસંગમાં ન આવવું, તેમની સાથે હરવા ફરવા ન જવું ! શુ આ મારાથી કબુલ કરી શકાય તેવું છે ? તેના જેવા જંગલી સાથે જોડાવામાં શું મારે મારી સ્વતંત્રતા વેચી દેવી ? મારે સ્ત્રી જાતીનો વાસ્તવીક હક ગુમાવવો ? અને એ બળદીઆ સાથે બંધાવું ? બસ, બસ, એવા પુરૂષ સાથે લગ્ન કરવું, તે કરતાં કુંવારાં રહેવું શું ખોટું છે ? પ્રમોદાએ કુંવારાં રહેવાનું કારણ કહી દેખાડયું.

કુસુમ પ્રમોદાનું ભાષણ સાંભળી સ્તબ્ધ બની ગઇ, પણ છેવટનો તેનો સીદ્ધાંત સમજવાને કહ્યું, કે બહેન તમારી ઇચ્છાને અનુસરે, તમારી મરજી પ્રમાણે ચાલે, એવો પતિ તમારી નાગર જ્ઞાતિમાંથી ન મળ્યો તો શું કરશો ?

ઢેમ નાગર ! મારે નાગરની કશી જરૂર નથી, તેમ હું જ્ઞાતિ કે પરજ્ઞાતિનો ભેદ ગણતી નથી. જ્ઞાતિએ કંઇ પરમેશ્વરે પેંદા કરેલી વ્યક્તિ નથી, પરમેશ્વરેતો સ્ત્રી અને પુરૂષ એવા બેજ ભેદ રાખેલા છે. છતાં બ્રાહ્મણ, વાણીયા. ક્ષત્રી, કણબી, કોળી, કુંભાર, કાછીઆ, ઢેડ, ભંગી ઇત્યાદી પૃથક પૃથક જ્ઞાતિઓ માની ભેદ ભાવ રાખવો, એ કુદરતના કાયદાથી ઉલટું છે. હું કુદરતના કાયદાને માન આપી વર્તવાને મકમ છું તેથી ભલેને ઢેડ કે ભંગીની જ્ઞાતિનો

પુરૂષ હોય, પણ જો મને પસંદ પડશે, તો તેની સાથે હું લગ્ન કરીશ. સમજ્યાં બહેન ! પ્રમોદાએ પોતાનો સીદ્ધાંત સ્પષ્ટ કહી બતાવ્યો.

અરે ! પણ હજી રોટી વ્હેવારમાં એકત્રતા થઈ નથી, ત્યાં એકદમ બેટી વ્હેવાર શી રીતે બને ? કુસુમે શંકા દેખાડી.

બહેન, મને લાગે છે કે તમે દુનિયાંમાં બનતા બનાવોથી જાણીતાં નથી; જમાનો કેટલો આગળ વધે છે, તે જાણતાં નથી; ન્યુસપેપરો વાંચતાં હોત તો વ્યર્થ આવી શંકા કરી નકામો વખત ગુમાવવા જેવું કરત નહીં. જુઓ આર્યન બ્રધરહુડના ખાણામાં અત્યંજો સાથે એક પંગતે, ઉંચા વર્ણમાં ગણાતા બ્રાહ્મણ, નાગર, ક્ષત્રી, લુહાણા અને ભાટીઆ સુદ્ધાંત સાથે જમ્યા છે, એટલે જ્ઞાતિ જાતિનો ભેદભાવ રહ્યો નથી, ને સુધારાવાળાનો વિજય થયો છે ! સાઠ વર્ષના સુધારકોના શ્રમનું આવી રીતે સુફળ આવેલું જોઇ અમને ખરેખર મગરૂરી પેદા થાય છે ! અને હવે મારો અભિલાષ પૂર્ણ થવામાં કોઇપણ પ્રકારનો પ્રતિબંધ નડનાર નથી, એમ મારી પ્રતીતિ થઈ છે. પ્રમોદાએ જ્ઞાતિ બંધન વીછીન્ન થઇ ગયાનું માની લીધુ.

હા, હું ન્યુસપેપરો વાંચતી નથી, દુનિયામાં બનતા બનાવોથી અજ્ઞાત છું, અને જમાનો કેટલો આગળ વધે છે,

તેની મને માહીતી નથી પણ હું જે જાણું છું, તેટલાથી એટલું કહી શકું છું કે, હવે વિકાળ કળીકાળનું પ્રબળ પુરેપુરૂ વૃદ્ધી પામ્યું છે, અને તેથી સાંભળીને કંપારી છુટે, એવા અનર્થજનક બનાવો બનતા દ્રષ્ટિગોચર થાય છે. અત્યંજો સાથે ઉંચવર્ણના મનુષ્યો એક પંગતે જમે, એ પ્રસંગમાં કળિકાળના મહાત્મનો આવિર્ભાવ હોવાનું હું તો માનું છું. પણ બેન, મારા કીકાના બાપા કહેતા હતા, કે અત્યંજો સાથે એક પંગતે દુધપાક પુરી જમનારા પાછળથી પસ્તાયા છે! અને દાઢી મુછ મુંડાવી પ્રાયશ્ચીત કરી પાવન થયા છે! શું આ વાત ખોટી છે કે? કુસુમે પ્રશ્ન કર્યો.

ઑલ હંબગ! કંઇ બધા પસ્તાયા નથી, સઘળાએ પ્રાયશ્ચીત કીધું નથી. પણ જેઓ બીકણ અને બાયલા હતા, જેમનામાં જુના વીચાર વાળાઓને મહાત કરવાની સુદ્દૃલ હીંમત નહોતી; અને જેઓ જ્ઞાતિ બંધનની બેડીમાં જકડાઇ પોતાનું અને પોતાની પ્રજાનું અહીત કરનારા છે, તેવા હીચકારાઓએ નામર્દની પેઠે જે મોંઢે પાન ચાવ્યાં, તેજ મોંઢે કોયલા ચાવી પોતાની કીંમત હેવાનની માફક હાથે કરી ઘટાડી. બાકી જેઓ સુધારાના ક્ષેત્રમાં વિરતાથી ઝુંમનારા છે, તેઓ અચળ–અડગ રહ્યા છે! અને સમર્થ યોદ્ધાની પેઠે જ્ઞાતિબંધનનો સંગીન કીલ્લો તડાકા બંધ તોડી નાંખી પોતાની વિજયપતાકા ફરૂકાવી છે. બેન, અગે

એમાંનાં છીએ, અને તેથી તમે જોશો, કે અમે ભવીષ્યમાં કેવું પરાક્રમ કરી દેખાડીએ છીએ ! પ્રમોદાએ પોતાના પક્ષનું સમર્થન કીધું.

શું આવી રીતે જ્ઞાતિ બંધન તુટી શકશે ! બે પાંચ માણસ ઢેડ ભંગીની સાથે ભોજન કરે, કે એકાદ બાળા ગમે તેની સાથે ઘર માંડે, તેટલાથી સુધારાનો વિજય સમજનાર દેશનો ઉદય કરનાર નહીં, પણ ઉદયમાં અંતરાય નાંખનાર રાહુ રૂપ છે. અને એવાં રાહુ રૂપ સ્ત્રી પુરૂષો સુધારાની આથે રહી મનસ્વી રીતે વર્તે છે, તેથી તેને સુધારો નહીં, પણ સેતાનનું ઉપનામ આપવું પડે છે. એ સેતાનના પાપી પગલાંએ આ પવિત્ર ભૂમીને કલંકીત કરી છે, તેનાં કોહીનુર જેવાં અમૂલ્ય સંતાનોને કોડીની કીંમતનાં કરી નાંખે છે, પુનિત પુરૂષોની યશસ્વી કારકીર્દીને સદાને માટે કાળો ડાઘ લગાડે છે ! તેવાઓને દુનિયામાં મોં કાઢીને બોલાવાનો વખત રહેતો નથી, દેશ અને પરદેશમાં નિંદાનાં વાજીંત્રો વાગી રહે છે, લોકોની સુધારા પ્રત્યેની શ્રદ્ધા સદંતરે નષ્ટ થઈ જાય છે; અને સુધારાના નામે સ્થપાએલી કે સ્થાપન થતી સંસ્થાઓને અપરિમિત હાની પહોચવાનો સંભવ ઉભો થાય છે. આ બધું શાથી બને છે? એતો વિચારો બેન, બેઅદબીને માટે ક્ષમા માગીને મારે કહેવું પડે છે કે, તમારા જેવાં ઉચ્છંખળ સુધારકોએ દેશનું સત્યાનાશ વાળ્યું છે! જરા જુઓતો

ખરાં, સુધારકોના નિરંકુશીત આચરણને પરિણામે જ્યારે ને ત્યારે દેશ અને પરદેશમાં કેવો કોલાહલ મચી રહે છે! અને પરમ પુનીત પુરૂષોનાં પળીયાં કેવાં પીંખાય છે? જ્ઞાનવૃદ્ધ-વયોવૃદ્ધ મહાત્માઓની ચાંમડી કેવી ચુંથાય છે? અરે તેનું આંતર તત્વ તપાસશો, તો તેમાં તમારા સેતાન સુધારાનોજ આવિર્ભાવ છે! કુસુમે છેવટ વાક્ પ્રહાર કરીને પ્રમોદાને ઝટપટ ઝાંખી પાડી નાંખી.

આ વાતચીત ચાલતી હતી, તે વખતે એક ખુણાની કુરશી ઉપર આવીને સુશીલા અકસ્માત બેઠી હતી, પણ તેના તરફ કોઇનું ધ્યાન નહોતું. પણ જ્યારે તે બોલી કે કુસુમ બહેન હમણાં એવો શું બનાવ બન્યો કે સુધારાને સેતાનનું વિશેષણ આપો છો ? અને સુધારકો પ્રત્યે તિરસ્કાર દર્શાવો છો ? સુશીલાએ પ્રસ્તુત પ્રકરણ ઉકેલવાની અપેક્ષા દેખાડી.

ઠીક છે ત્યારે, ચાલો એ પ્રકરણ ચલાવીએ. પણ બ્હેન, સાચુ કહીએ તે સગી માને પણ ન રૂચે, માટે વાર્તાલાપમાં અરૂચતુ વદાય તો કોઇ ગુસ્સે ન થશો. જો પ્રમોદા બ્હેનની આજ્ઞા હોય તો પ્રસ્તુત પ્રસંગ વીશે વાતચીત કરીએ, અને તેમને "સુધારો કે સેતાન" એ તેમના પક્ષના આચરણ થીજ પ્રતિપાદન કરી આપીએ.

ચલાવો ત્યારે—સઘળાંના મુખમાંથી એક સામટો ઉદ્ગાર નીકળ્યો.

પ્રકરણ ૨ જું

દયારામ ભાઇ અને ઉર્મિલા બાઇનાં લગ્ન.

કેમ બેન પ્રમોદા, ઉર્મિલા બેનને તમે જાણતાં હશો! કુસુમે વાત છેડી.

અરે ! કેમ ન જાણું, એ અમારા મંડળમાં મુખ્ય છે, સેવાસદનની સંસ્થામાં મુખ્યત્વે સ્વભોગ આપી તેઓ પોતાની ધાર્મિક ફરજ બજાવે છે, વળી આ દેશમાં સુધારાનું બીજ રોપનાર સર્વોત્તમ કુટુમ્બની એ એક કેળવાએલી બાળા છે, તેમના પિતા ના. સરકારની મોટા દરજ્જાની નોકરીમાં પ્રતિષ્ટીત હોદ્દા ઉપર હતા, અને તેમાં પ્રમાણીક તરીકે સર્વત્ર પંકાયા છે. દેશની સુધારા સમાજના પ્રમુખપદે બીરાજી પોતાની વિદ્વતા યુક્ત સુભાષીત વાણીનો વ્યાખ્યાન દ્વારે તેમણે લાભ આપ્યો હતો. એ પીતાની મીઠી ઉર્મિલા પૂત્રી વળી મારી આત્મિક બેનપણી, અમારો બંનેનો આચાર–વિચાર પવિત્ર, અને એ વાત જ જગજાહેર હોવાથી આપના પ્રશ્નને માટે અવકાશજ ક્યાં છે? પ્રમોદાએ પ્રત્યુતર આપ્યો.

કહેછે કે ઉર્મિલાબાઇએ લગ્ન કર્યાં. એ વાત સાચી છે કે? કુસુમે પુનઃ પ્રશ્ન કર્યો.

અહો ! દેશ અને પરદેશમાં એમના લગ્નના પેગામ પહોંચી ગયા, ઘેરેઘેર અને ગામેગામ એમનાં લગ્નનાં મંગળ ગીત ગવાય છે, વર્તમાન પત્રોને એ શુભ પ્રસંગનો ભારે ખોરાક મળ્યો છે, છતાં હવે છાનું ક્યાં છે ? કે ઉર્મિલા બેનનાં લગ્ન વીશે શંકાશીલ રહી મને પ્રશ્ન પુછોછો. સુશીલા વચ્ચેથી બોલી ઉઠી.

બહેન, શંકાશીલ રહેવા જેવો આ લગ્ન સંબંધ છે, કહે છે, કે ઉર્મિલા બાઇ પચીસ વર્ષની વયે પહોંચેલાં છે, અદ્યાપી લગી તેમને કોઇ પતિ પસંદ ન પડયો, લાયક સ્વામિ ન સાંપડયો, અથવા પરણવાનો વિચારજ નહોતો; સંસારની ઉપાધીમાં પડવાને ઇચ્છતાંજ નહોતાં; તેથી બ્રહ્મચર્ય ગ્રહણ કરીને કુંવારાં રહેલાં, સાધવી વ્રત ધારણ કરેલું. અને પોતાની સ્વદેશ ભગિનિઓના હીતને અર્થે પરિપૂર્ણ લાગણી ધરાવી સેવા સદનના કાર્ય વાહકો સાથે જોડાયાં હતાં. આવી રીતે ત્યાગી છતાં રાગી બની સંસારની ઉપાધીમાં પડે, એ સંભવીત કેમ મનાય ? વળી જે પુરૂષ સાથે તેમણે પાણી ગ્રહણ કર્યાનું સાંભળીએ છીએ, તે એક સાધારણ મનુષ્ય નહીં, પણ મહાન પુરૂષ, સાધુત્વથી યુક્ત, વાનપ્રસ્થ થએલા, અરે ! સન્યસ્ત ગ્રહણ કરેલા, સાઠ પાંસઠ વર્ષના વયો વૃદ્ધ ! દાઢી મુછ ને શીરના કેશ સફેદ ! સાધુ તરીકેજ સર્વત્ર પ્રસિદ્ધ, ગૃહસ્થાશ્રમમાં હતા, ત્યારે પણ આચરણ ત્યાગી–વિરાગીનાંહતાં,

ગંગામાં સિતળ જળે સ્નાન કરતા, ધર્મ ધ્યાનમાં ધ્યાન ધરતા, પારમાર્થિક કાર્યમાં મદદ આપી દુઃખીનું દુઃખ હરતા. એવાપુનીતપુરૂષ સ્વર્ગ સદનમાં પ્રવેશ કરવાના જીજ્ઞાસુ મોક્ષને માર્ગે ગતિ કરી, પાછી ડગ ભરી એક યુવાની સાથે લગ્ન કરવા આકર્ષાય ! એ પ્રસંગ સંભવિત કેમ સમજાય? સંભવીત ઠરેતો ધરતી રસાતળમાં જવા જેવો, સૂર્ય પશ્ચિમમાં ઉગવા જેવો, સરિતાઓ વિપરિત ગતિથી વહેવા જેવો, વિલક્ષણ કેમ ન મનાય ? અને આ વાત સત્ય હોય તો ક્રુર કળીકાળે પોતાનું પ્રબળ પુરેપુરૂ પ્રદર્શિત કર્યું, ધર્મનો પા વશો પણ ધરણીમાં ન રહ્યો, અધર્મ પુરેપુરો વ્યાપ્યો, અને પ્રથ્વીનો છેડો આવી ગયો, એમજ કાં ન લેખાય ? પાંચ હજાર બલકે તેથી પણ વધારે વર્ષો પૂર્વે વ્યાસાદિ મહર્ષીઓએ ભાખેલી ભવીષ્ય વાણી સત્યજ ઠરી, એમ કાં ન સ્વીકારવુંજ પડે ? કુસુમે કરૂણા જનક વાણીથી ખેદ યુકત ઉદગારો કાઢયા.

બહેન, વિલક્ષણ બનાવોમાં સઘળું વિલક્ષણજ હોય છે, જુવો, દયારામ ભાઇને ઉર્મિલા બાઇના લગ્ન સંબંધમાં સઘળું વિલક્ષણજ દેખાય છે, દયારામ ભાઈ સંધી, અને ઉર્મિલા બાઈ ગુજરાતી ! દયારામ ભાઈ લુહાણા, અને ઉર્મિલા બાઈ વડનગરાં નાગર બ્રાહ્મણ! દયારામ ભાઈ વયો વૃદ્ધ અને સફેદ કેશ! ઉર્મિલા બાઇ ખરેખરાં યુવા—નવજોબન નમણી—રમણી ! દયારામ ભાઇ કાકા, અને ઉર્મિલા બાઇ ભત્રીજી! દયારામભાઇ

ગુરૂ અને ઉર્મિલા બાઇ શિષ્યા ! ત્યારે આ લગ્ન સંબંધને વિલક્ષણુતા યુકત કહેવામાં અઘટીત શું છે ? સુશીલાએ પોતાનાં કથન સત્ય ઠરાવવા મથન કરવા માંડયું.

લગ્ન સંબંધ જોડવામાં 'પસંદગી' એજ અમારો સીદ્ધાંત છે; અને વળી જ્ઞાતિ બંધન તોડવા અમો સુધારકો આગળ પડતો ભાગ લઇએ છીએ, તો પછી કહેવા પ્રમાણે કરી દેખાડવાના ઉર્મિલા બેનના આચરણ પરત્વે કંઈપણ આક્ષેપ કરવો યોગ્ય નથી. પ્રમોદાએ બચાવ કીધો.

અરે ! આવા લુલા બચાવથી સુધારાને મળેલું સેતાનનું વિશેષણ કાળાન્તરે પણ કદી ટળશે નહી, સુધારકો વૃદ્ધ લગ્નોની વિરૂદ્ધમાં છે, છતાં વૃદ્ધ દયારામભાઇ સાથે યુવા ઉર્મિલાએ લગ્ન કર્યું ! એ સુધારાના સર્વોત્તમ સ્થંભની સુધરેલી સલુણીને માટે તમે યોગ્ય કેવી રીતે ઠરાવી શકશો? સુશીલાએ બચાવ તોડવાની તદબીર કરી.

નહીં, નહીં, સુધારાની ફતેહ કરવામાં સાધારણ અપવાદો સુધારકોએ લક્ષમાં રાખવાના નથી, અને તેથી દયારામ વૃદ્ધ છે, એટલાથી આ લગ્ન સંબંધ કંઇ અનુચિત ઠરાવી શકાતો નથી. માત્ર જોવાનું એટલુંજ છે કે ઉર્મિલા બાઇએ પોતાની પસંદગીથી દયારામભાઈને વરમાળ આરોપી, અને જ્ઞાતિ બંધન તોડવાને પોતે નાગર છતાં લુહાણાને પરણ્યાં ! તેમનું આ પગલું શું ઓછું પ્રસંશા પાત્રછે? વાસ્તવીક રીતે જોઇ-

એ તો તેમણે દેશ કલ્યાણને માટે બલકે પોતાની સ્વદેશી બેનોને માટે સુધારાનો માર્ગ ખુલ્લો કરી આપવાને સ્વસ્વાર્થનું એમણે બળીદાન આપ્યું છે. સરખો સમાણીલો અને સ્વજ્ઞાતિનો સ્વામી શોધવાને બદલે પરજ્ઞાતીના વૃદ્ધ પુરૂષને પસંદ કરવો, એમાં ઉર્મિલા બાઈનું અદ્વિતિય મનોબળ, અને સ્વભોગ આપવાની ઉત્સુકતા યાવત યાદગાર રહી જશે; અને એમનું પૂતળુ ભારત વર્ષમાં હંમેશાં ભાવથી પુજાશે. પ્રમોદાએ પોતાના મતને પુનઃ પુષ્ટી આપી, ઉર્મિલાના કાર્યની સ્તુતિ કરી.

તમે કહો છો, એતો જાણે ઠીક છે. પણ એકવાર સેવા સદન જેવી પારમાર્થિક સંસ્થાને પોતાની જીંદગી અર્પણ કર્યા પછી, તેમ સાધ્વી વૃત ધારણ કર્યા પછી, લગ્ન કરવાને ઉર્મિલા બાઇ કેમ લલચાયાં ? તેનો કંઇ ખુલાસો કરશો કે ? સુશીલાએ સત્ય તત્વ શોધવાને યુકતીનો પ્રશ્ન કર્યો.

ઉર્મિલા બાઇએ જેમ પોતાની જીંદગી સેવા સદનને અર્પણ કરી હતી, તેમ શ્રીયુત દયારામભાઇ પણ સેવા સદનના સબળ સહાયક, અને ઉત્તમ કાર્ય વાહક હતા. દયારામ ભાઈ સાધુ વૃત્તીના, અને ઉર્મિલા બાઇ સાધવી હતાં. દયારામભાઇ દયાના સાગર અને પરોપકારની પ્રતિમા, ઉર્મિલા બાઇ વિવેકનાં વારીધી, અને વિદ્યાનો ભંડાર ! હવે સેવાસદનમાં એ બંનેનો સંજોગ મળ્યો, પરસપરના જ્ઞાનવિભવની અને ગુણ વિભૂતિની પ્રતિતી થઇ, પછી ઉર્મિલા બાઇ, એ વૃદ્ધ

પુરૂષની સેવાનો લાભ લેવાને લલચાય, એ સ્વાભાવિક હતું, અને ઉર્મિલા બાઈની ઐચ્છીક સેવાનો લાભ લેવાને બદલે દયારામભાઈ જેવા કોમળ હૃદયના પુરૂષ અનાદર કરે, એમ કદી બની શકે નહી. જોકે પ્રત્યક્ષ રીતે પતિ પત્નિના વયની અસમાનતા ભાસેછે ખરી, પણ સુધરેલા દેશોમાં વયની અસમાનતા લક્ષમાં લેવાતી નથી, વિચારની સમાનતા એજ લગ્ન સંબંધ જોડવામાં ખાસ કરીને જોવાની છે, એટલે દયારામભાઇ અને ઉર્મિલા બાઇના વિચાર ઐક્યને પરિણામે બંધાએલી તેમની લગ્નગ્રંથીની વાસ્તવિકતા-યોગ્યતા સ્વીકારવીજ જોઇએ. પ્રમોદાએ ખુલાસો કર્યો.

ઠીક! ઉર્મિલા સાધવી મટી સંસારી થયાં, મીસ મટી દુનિયાના દફ્તરમાં મીસીસ લખાયાં! કદાચ પુત્ર વા પૂત્રીની માતા બની પનોતાં ગણાશે. પણ આ લગ્નમાં તેમના પિતા શ્રી રા. રા. નૃસિંહરાવ ભાઇની તેમણે અનુમતી લીધી હશે કે? અને તેમણે અનુમતી આપી હશે ખરી કે? સુશીલાએ પુછ્યું.

એ વીશે હું કશું જાણુતી નથી, પણ હું એટલું તો કહી શકીશ કે, અમારા સુધારા સમાજમાં સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા યાને છુટ ભોગવવા દેવાનો હક બક્ષેલો છે, તેની રૂઇએ ઉર્મિલાને પોતાના પીતાની અનુમતી મેળવવાની આવશ્યકતાજ નથી. તેમ મી. દીવેટીઆ જેવા સુધારાના સ્થં

ઉર્મિલાને પોતાની ઇચ્છા મુજબ વર્તવામાં યત્કીંચીત અંતરાય કરે, એવું કદી બનેજ નહીં, ઉર્મીલા યોગ્ય વયનાં છે એટલે એ તેમની મરજી પ્રમાણે વર્તવાને મુખત્યાર છે, પ્રમોદાએ જવાબ આપ્યો.

હા, વાત ખરી છે. છુટની લુંટ કરવા દીધાથી વનિતાએ વિપરીત માર્ગે ગતિ કરતા થઈ છે, વનિતાઓના વાસમાં નિવાસ, એ સાધુત્વ નષ્ટ કરનાર સબળ સાધન છે, વૃદ્ધાવસ્થામાં દયારામભાઇએ લગ્ન કર્યું, એ સ્ત્રીઓના પ્રસંગનું પરિણામ છે, પૂર્વે રૂષી મુનીઓ સ્ત્રીઓથી ત્રાસીને નાશી વનમાં વશી તપશ્ચર્યા કરતા, ત્યારેજ તેમનું સાધુત્વ સચવાતું. જોકે શીવ સનકાદીક અને એકલશૃંગી જેવાને છળીને છેતરવા કામિનીઓ ચુકી નથી. વનમાં જઇ તપનો ભંગ કરાવી વીષય રંગથી રામાઓએ મહાન રૂષીઓ અને દેવતા સુદ્ધાંતને રંગી નાખ્યા છે, તો દયારામભાઇનું શું ગજુ? દયારામભાઈ સાધુતો ખરા, પણ કળિયુગના? યુગનો આદિ જીવ તેમને આણીપુણીએ સંસાર સાગરમાંથી કેમ પાર ઉતરવા દે? ખરેખર તરીને તટે ઉતરવાને ટાણે તેમને કાળ બળે પુનઃ સંસાર સાગરની મધ્યે ફેંકી દીધા છે! અરે! ડુબાવ્યા છે! હવે તો હરી કરે તે ખરી! સુશીલાએ સાચે સાચું કહી દીધું.

તમે ગમે તેમ ભરડો, તેની અમો સુધારાવાળાને દરકાર નથી. સુધારકો જો લોકાપવાદ લક્ષમાં લે, અને લોકોની નિંઘાનો ભય રાખે, તો તેમનાથી દેશહિતનું કશું કામ થાયજ નહીં. અમે તો દયારામભાઇને પણ ધન્યવાદ આપીએ છીએ, કારણ કે તેમણે ઉર્મિલાનો સાદર સ્વીકાર કર્યો, ઉર્મિલાની પસંદગીને અવકાર આપી અનુસર્યા! લોક લાજ કે દુનિયાંદારીની બીલકુલ દરકાર ન કરી! સાધુત્વ તજીને ઉર્મિલાની ઈચ્છા પૂર્ણ કરવાને સંસારી બન્યા; બેશક આવી રીતે સ્વભોગ આપી કાન્તાઓનું કલ્યાણ કરનાર અને શર્ણાંગતોને સંભાળનાર વિર પુરૂષોજ આ ભર્ત ભૂમિના ભૂષણ રૂપ છે. અમેતો એ જોડુ દીર્ધાયુષ્ય ભોગવી પરીવારે પનોતું થએલું જોવાનેજ ઇચ્છીએ છીએ. અને આવાં સ્વતંત્ર તથા નિડર સંતાનોનેજ હીંદ માતા જન્મ આપે, એવી પરમેશ્વર પાસે યાચના કરીએ છીએ. પ્રમોદાએ નૂતન દંપતિની મુબારક બાદી ઇચ્છી.

આ વખતે દીવાન ખાનાના ઘડિયાળમાં ત્રણ વાગ્યા, ચાહનો વખત થયો અલક કીશોરીને અનુચરો પ્રતિ આજ્ઞા કરવાને તસ્દી લેવી પડી નહીં. ઘરના નોકરો નિયમીત વર્તન વાળા હતા, તેથી ત્રણ ના ટકોરા થવાની સાથેજ ટી(ચાહ) ના પ્યાલા ટપોટપ આવી ગયા, તેની સાથે એક રકાબીમાં બીસ્કીટ અને કેક પણ લાવીને દરેકની પાસે મુકયાં, અલક

કીશોરીને પ્રમોદા તે સઘળાને ઈનસાફ આપવાને ખડે પગે ઉત્સુક બની રહ્યાં હતાં. સુશીલાને તો ચા પીવાની ટેવજ નહોતી, કુસુમ ચાહ પીતી હતી, પણ ટેબલ ઉપર ચા મુકવા આવનાર નોકર જાણે જાતે લાલીઓ (ઢેડા) હોય, એવું તેના વેશ અને કેશ ઉપરથી દેખાતું હતું. એટલે તેનો પણ ચાહ પીવાને જીવ ચાલ્યો નહીં, અલકે બંનેના સામું જોઈ ચા પીવાની સુચના કરી, પણ તેમણે જણાવ્યું, કે અમે ચા પીતાં નથી. અલક કીશોરી અને પ્રમોદાએ ચાહ પીધો, ને સાથે રાખેલાં બીસ્કીટ અને કૅક પણ જરા નાસ્તા તરીકે લીધાં. એટલામાં પોષ્ટમેને પડદા આગળ દેખાવ દીધો. તેને અલકકીશોરીએ સવાલ કર્યો. કેમ કંઈ ટપાલ છે? પોષ્ટમેને "હાજી" કહી અદબથી આવીને ત્રણ કાગળો ટેબલ ઉપર મુકયા, એડ્રેસ વાંચતાં બે અલક કીશોરીના હતા, અને એક પ્રમોદાનો હતો. પ્રમોદાએ પોતાનો કાગળ હાથમાં લેતાં અક્ષર ઓળખ્યાથી તેનો આનંદ ઉભરાઈ ચાલ્યો. અલકકીશોરીએ એક પછી એક બંને કાગળો ફોડીને વાંચ્યા, વાંચતાંજ તેની મુખ મુદ્રા ઉપર શોકની છાયા છવાઈ ગઈ. એ બંનેને હર્ષ અને શોકનું શું કારણ હશે? તેની કુસુમ તથા સુશીલાને સમજણ નપડી, પરંતુ તેમણે પોતાના અંતરમાં વિવિધ અનુમાનો આંકયાં.

પ્રકરણ ૩ જું.

એકને હર્ષ ને એકને શોકનું કારણ શું?

સહજ વાર ચુપકીદી પથરાયા પછી, હકીકત શું છે? તે જાણવાને વધી પડેલી ઉત્સુકતાએ કુસુમને અધીરી બનાવી, તેનાથી પુછયા વિના રહેવાયું નહીં. તેથી તે બોલી, કેમ બહેન પ્રમોદા, કાગળ વાંચીને આનંદ તરંગમાં તરો છો, માટે તેમાં એવા ખુશી ખબર શું છે?

ખરેખર ખુશી ખબરજ છે, બહેન પચીસ વર્ષની વયે મન ગમતો સ્વામી સાંપડે, ને વળી જે સુધારો કરવાને મહારાજા ગાયકવાડ સયાજીરાવ જેવા ઇચ્છે છે, એજ કાર્ય મારા દ્વારે સફળ થવાનો સંજોગ આવી મળે, એથી વિશેષ આનંદ વાળો અન્ય પ્રસંગ કયો આવવાનો હતો? બહેન, આજતો મને સોનાનો સૂર્ય ઉગ્યો હોયની! એવું આનંદ જનક લાગે છે.

વારૂ, તમને મન ગમતા સ્વામિ સાંપડયા. એથી તમે ખુશી, અને એથી અધીક અમે પણ ખુશી. પણ મહારાજા સયાજીરાવની ઇચ્છા તમારા દ્વારે શીરીતે સફળ થશે? એ જરા અમને સમજાવો, તોજ તમારી ખુશાલીમાં અમે ભાગ લઇ શકીએ. કુસુમે અધીક જાણવાની અપેક્ષા દેખાડી.

બહેન, એક કાંકરે બે પક્ષી મરે, એવો ઘાટ ગોઠવાયો છે.

કારણ કે જે પુરૂષ પ્રત્યે પતિ તરીકે મારી પસંદગી ઉતરી છે, તે અંત્યજ છે. અંત્યજની સાથે એક નાગર બાળાનાં લગ્ન થાય, વળી ખાસ કન્યાની ખુશીથી. એથી સર્વ સુધારકો અને મહારાજા ગાયકવાડ પૂર્ણ પ્રસન્નતાને પામશે, બલકે પોતાના પ્રયાસમાં સફળતા મળ્યાથી મગરૂરી ધરાવી શકશે. હવે એ સઘળી ફતેહની કારણ ભૂત હું છું, ત્યારે મને અધીક આનંદ કેમ ન થાય? ખુશાલીનું ખરૂં કારણ પ્રમોદાએ પ્રદર્શિત કર્યું.

ત્યારે તમે પસંદ કરેલો વર અંત્યજ છે કેમ ! આશ્ચર્ય ચકિત થઇ કુસુમે પ્રશ્ન કર્યો.

હા, હા, અંત્યજ ! જાતે મહાર, પુરો કેળવાએલો, બી. એ. ની ડીગ્રીથી અલંકૃત થએલો, સૌંદર્ય સંપન્ન. જુઓ તો ખરાં, તેના ઈંગ્લીશ અક્ષરો કેવા મનોહર છે ! લખાણની શૈલી સુંદર યાને માધુર્યતા યુક્ત છે ! મારૂ મનતો આ પત્ર વાંચીનેજ મોહિત થઇ ગયું છે ! વળી બહેન, મહારાજા સયાજીરાવ પછાત પડેલી કોમોને, ખાસ કરી અંત્યજોને આગળ વધારવાની ઉત્સુકતા રાખનારા છે, એટલે મારા સ્વામી મી. મેંઢલકરને રાજ્યમાં કોઇ ઉંચો હોદ્દો આપશે, અને મને એવી પણ આશા રહે છે, કે કદાચ મારા પતિ ગાયકવાડી રાજ્યની ધારાસભામાં બિરાજવાને પણ ભાગ્યશાળી થાય ! ભવિષ્ય મને સુચિન્હો સુચવે છે. પ્રમોદા આશાના અર્ણવમાં તરવા લાગી.

અહો! ધન્ય ભાગ્ય!!! ધન્ય ઘડિ, ઉર્મિલા બહેને લુહાણા સાથે લગ્ન કર્યાં, અને તમે અંત્યજ સાથે પરણશો, એટલે સુધારાનો વિજય ધ્વજ મંદ્રાચળ ઉપર ચઢી ચુકયો! ભારત વર્ષનો ભરપૂર ઉદય થઇ ગયો! અરે! મારે કહેવું પડે છે કે તમારા જેવી કુળ દિપક કંન્યાઓએ દેશોન્નતિનો વાસ્તવિક માર્ગ કયો છે? તે દીર્ઘ દ્રષ્ટિથી જોવું જોઇએ. પણ બહેન, મનેતો લાગે છે, કે તમને તમારાં માતાપિતાએ હદ બહારની છુટ આપી, અને તમને અઘટિત સ્વતંત્રતા મળી, તેનું આ માઠું પરિણામ છે. ઉર્મિલા સાથેના લગ્નથી દયારામભાઈ જેવા દિવ્ય-દેવાંશી મહા પુરૂષ ત્યાગી ટળી રાગી થયા! છૂટેલા છતાં પુનઃ સંસાર જાળમાં જકડાઇ ગયા! આથી દુનીયાં તેમને યોગ ભૃષ્ટ–માન ભ્રષ્ટ થએલા માને છે, અને તેથી આખો દેશ તેમને માટે શોક અને નિરાશાના નિશ્વાસ નાખે છે. તમે મી. મેંઢલકર સાથે લગ્ન કરશો, તેમાં તેમનું કંઈ જવાનું નથી, પણ આખી નાગરી ન્યાતનું, અરે! ઉંચ વર્ણની સમગ્ર હીંદુજ્ઞાતીઓનું દીલ દુખાવાનું છે, જોકે કોઇને સ્નાન સુતક નથી, પણ આવા દાખલાઓથી સમાજના મન ઉપર ઉલટી અસર થવા જેવું છે; સુધારકોથી સર્વ કોઇ હવે ભડકશે, અને જયાં જયાં તેમનાં પનોતાં પગલાં થશે, ત્યાંથી ડરીને દુર નાસશે. સાર્વજનીક સંસ્થાઓ ઉપરથી લોકોની શ્રદ્ધા

ઉડી જશો, પરિણામ આવું વિપરીત આવવાનું, પછી તમને ગમ્યું તેખરૂં. કુસુમે ખેદ દર્શાવ્યો.

બસ, અમારે બીજી વાત જોવાની નથી, અમારેતો સ્વભોગ આપીને પણ સુધારાના સીદ્ધાંત સીદ્ધ કરવાના છે, અમારો દાખલો લઇ ઉંચવર્ણની હીંદુકંન્યાઓ પતિની પસંદગી કરીને લગ્નગ્રંથી બાંધતાં શીખશે, અને જ્ઞાતિબંધન તોડી નાખવાનો સુધારકોનો હેતુ ફળીભૂત થશે. પછી ભલે આખી નાગરી ન્યાત, અરે ! સમગ્ર ઉંચ વર્ણના હીંદુઓ જાન્હમમાં જાય, તેની અમારે દરકાર નથી. પ્રમોદાએ દ્રઢતા દર્શાવી.

અરે ! કેવી ઉદ્ધતાઈ ! કેવા મનસ્વી તરંગો ! પ્રારંભથી પડેલા ખરાબ સંસ્કારથી આવી દુર્બુદ્ધી તમારા અંતરમાં પ્રવેશ થવા પામી છે. અને તેથીજ ઉલટે માર્ગે ગતિ કરવાની મતિ થઇ છે. ખેર ! તમારૂં ગમે તે થાય, તેની મને દરકાર નથી. પણ સેવા સદન જેવી સાર્વજનીક સંસ્થામાં જોડાંએલી ઉર્મિલા, અને એ સંસ્થાના કાર્ય વાહક દયારામભાઇના લગ્નથી સમાજના મન ઉપર કેવી માઠી અસર થશે, એનો કંઇ વિચાર કર્યો કે? કુસુમે ભવિષ્યની ચીંતાનું ચીત્ર દોરી દેખાડ્યું.

ખરેખર, બહેન તમારી એ ચીંતા ખરી છે, મને મળેલા પત્રમાં એનેજ લગતા સમાચાર આવ્યા છે, તેમાં લખ્યું છે, કે દયારામભાઇ અને ઉર્મિલાબાઇએ સેવાસદનના કાર્ય વાહકોમાંથી રાજીનામાં આપ્યાં છે. દયારામભાઇ સેવા સદનને

સારા પાયા ઉપર લાવી મુકવાને અસ્ખલિત ઉદ્યોગ કરતા હતા, તેમના પુનિત પુરૂષાર્થથીજ સેવાસદનની સંસ્થાએ કંઈક સારા સ્વરૂપે દર્શન આપ્યું છે, અને ભવિષ્યમાં એ સંસ્થા અતી હિતકારક થઈ પડવાનું ભાસતું હતું. હવે એ મહાત્મા પુરૂષ ઉક્ત સંસ્થાથી છુટા પડયા, એ કાંઇ ઓછું નુકશાન નથી. મને આ પત્ર વાંચીને ખેદ ઉપજયો, તેનું કારણ એજ છે. અલકે પત્રથી થએલી અસર પ્રત્યક્ષ બતાવી આપી.

બહેન, સંસ્થામાં દયારામભાઈ છુટા પડવાથી નુકશાન થશે, એટલુંજ નહીં, પણ એ સંસ્થામાં કાર્ય કરનાર ઉર્મિલાબાઇના સહવાસથી દયારામભાઈ જેવા વૃધ્ધ સાધુ પરૂષની ચિત્તવૃત્તી ચલીત થઇ. અને તેમણે એ સંસ્થાની ચેલી ઉર્મિલા સાથે લગનથી જોડાવા જેવું પ્રતિકુળ પગલું ભર્યું, ત્યારે હવે સમાજમાં એ સંસ્થાની પ્રતિષ્ટાને ધાકો પહોંચે, એ શું સ્વાભાવિક નથી કે? અરે! મને તો લાગે છે, કે ગમે તેવો વૃદ્ધ અને પવિત્ર પુરૂષ પણ સ્ત્રીઓના મંડળમાં રહેવાને પાત્ર નથી, એમ આ દાખલાથી પ્રતિપાદન થયું છે, અને સ્ત્રીઓના હિતની સંસ્થાઓને પુરૂષોની સહાયતા મેળવતાં અવશ્ય અટકવું પડશે, આ નુકશાન કંઇ ઓછું નથી. કુસુમે અનુમતી આપી.

સંસ્થાને ધોકો પુગે, તેના પ્રત્યે લોકોને અશ્રધ્ધા ઉપજે, અને આબરૂદાર કુટુંમ્બની બાળાઓ એ સ્થાને જતાં આંચકો ખાય, એમાંતો કાંઇ આશ્ચર્ય નથીજ, પણ તે ઉપરાંત આપણા હીંદુઓનું નિર્બળમનોબળ નિહાળી પરદેશી-પરધર્મિ પ્રજા આ-

પણી મશ્કરીઓ કરે, આપણા માટે હલકો અભિપ્રાય દર્શાવે, એ શું બનવા જોગ નથી કે ? સુશીલાએ પુર્તિ કરી.

બેશક, આપણા લોકોને માટે હલકો અભિપ્રાય બાંધવા જેવુંજ આ લગ્ન પ્રસંગથી બન્યું છે, તેમાં વળી સુધારાના સીદ્ધાંતોથી ઉલટાં આ લગ્ન થયાનું જાણીને મને પારાવાર દીલગીરી પેદા થાય છે, જો કે હું તો જાણતી હતી, કે દયારામભાઇનાં પ્રથમ પત્નિ હયાત નહીં હોય, અને તેથી તેઓ કદાચ વૃદ્ધ છે, એટલાજ અપવાદ સીવાય બીજી રીતે આ લગ્ન અયોગ્ય નથી. પણ મારા પતિના પત્રથી જણાય છે, કે આ લગ્ન સંબંધમાં સઘળી રીતે વિલક્ષણતામાં વૃદ્ધી થતીજ રહી છે. દયારામભાઇનાં પ્રથમનાં પત્નિ હયાત છે, તેમને પૂત્રાદિ સંતાનો છે. એક સ્રી હયાત છતાં પુરૂષ બીજું લગ્ન કરેતો નિંધાપાત્ર થાય છે, તેમાં વૃદ્ધ હોય, તો વગર સુધરેલા વર્ગમાં પણ વિશેષ નિંધાય છે–ત્યારે આતો સુધારાના શીખરે પહોંચેલા કુટુમ્બની કંન્યા, કેળવાએલી કાન્તા. અને પતિ જ્ઞાનવાન–વયોવૃદ્ધ, સરકારના ન્યાયખાતામાં મોટો ને માનવંતો હોદ્દો ભોગવી વાનપ્રસ્થ થએલા, અનુભવી પુરૂષ,તેમણે વૃદ્ધાવસ્થામાં એકસ્રીની હયાતીમાં બીજું લગ્ન કરવાને કેમ પસંદ કર્યું ? અને સુધરેલા કુટુમ્બની સુધરેલી બાળાએ હયાત પત્નિના પતિની પસંદગી કેમ કરી ? એ પ્રશ્નો જુના અને નવા બંને વિચાર ધરાવનારના અંતરમાં ઉદ્દભવે, અને ચારે તરફ ગંભીર ચર્ચા કરવા ને સાધનભૂત થાય, તેમાં આશ્ચર્ય શું છે ? અલબત્ત લગ્ન કરવામાં પુરૂષનો મુખ્ય હેતુ સંતાન સંપત્તી માટેનોજ હોય છે, તેમાં

ખાસ કરીને વૃદ્ધ પુરૂષતો વંશ વૃદ્ધીને વાસ્તેજ લગ્ન કરવાને ઈચ્છેછે, કામેચ્છાની તૃપ્તીને અર્થેતો કદાચ જુવાન પુરૂષ હોય, તેજ બીજું લગ્ન કરવાને ચાળે ચઢે. આ દાખલામાં બેમાંનું એકે કારણ દયારામભાઈને ફરી લગ્ન કરવાને માટે હોવાનું ધારી શકાય નહીં, અને તેથી આ લગ્ન પ્રત્યે જેમ જુના વિચાર વાળા શંકાની નજરથી જુએ છે; તેમ સુધારકો-નવા વિચારવાળા નારાજી બતાવે છે, કદાચ સુધારાના સામાન્ય નિયમોથી પણ ઉલટો આ લગ્ન સંબંધ હોવાથી ઉર્મિલા બાઇને સુધારાના તડમાંથી બીલકુલ બાતલ કરશે, એવો સંભવ છે. અલક કીશોરીએ વાસ્તવીક વીચારો વીદીત કર્યા.

મેં સાંભળ્યું છે, કે દયારામભાઇ સાથે લગ્ન કરવામાં ઉર્મિલાં બાઇને પોતાનો ધર્મ બદલવાની ફરજ પડી છે, લગ્ન વેદોકત રીતે નહીં, આર્યસમાજની રૂઢીથી નહીં, પ્રાર્થના સમાજ વાળાએ પસંદ કરેલી પદ્ધતિથી નહીં, પણ શીખ સંપ્રદાયને અનુસરી એ ધર્મમાં ગ્રહણ થતી રીતે થયાં અને તેને "આનંદ લગ્ન" કહેવામાં આવે છે; સુશીલાએ સહજ વીશેષ ખુલાસો કર્યો.

બરાબર છે, પણ તેમ કરવાનું કારણ હતું. દયારામ ભાઇ ન્યાય નીપૂણ, ઘણાંનો ઈનસાફ તેમણે પોતે આપેલો. તેથી ઉર્મિલા બાઈથી ઉત્પન્ન થતાં સંતાનોને માટે વારસાનો વાંધો ન આવે, લગ્ન કાયદેસર ગણાય, તેટલા માટે શીખ ધર્મને અનુસરતી રીતેલગ્ન કરવાનો તેમણે પ્રથમથીજ તોડ કાઢયો છે.કુ-

શળપુરૂષો અવલથી એટલી પણ અગમચેતી ન વાપરે, તો તેમની કુશળતામાં ખામી ગણાય. અલક કીશોરીએ સત્યનું સ્પષ્ટી કરણ કર્યું.

ઠીક ! આતો " જીસકે તડમે લડ્ડુ ઈસિકે તડમે હમ " જેવો ખેલ કહેવાય, શીખ ધર્મમાં એક ઉપર બીજી–ત્રીજી અને ચોથી સ્ત્રી પરણવાનો પ્રતિબંધ નથી, એટલે એ ધર્માનૂસાર " આનંદ લગ્ન " નો વીધી સ્વીકાર્યો, મન ગમતી છુટ મેળવવાને, અને જોઈતો લાભ ખાટવાને ધર્મ બદલવો કે બદલાવવો, અને તેને અનુસરતો વીધી સ્વીકારવો, એ વાત સાધારણ છે, એમ ઉર્મિલા બાઈના ઉદાહરણથી દેખાઈ આવ્યું. કુસુમે વક્રોક્તિમાં વાર્તા કરી.

પ્રમોદા બહેન ! તમે પણ વિચારીને પગલાં ભરજો, નહીંતો છાપામાં ચઢશો, અને દુનિયાંની બત્રીસીમાં ચવાશો, અને ઘેરેઘેર ગવાશો. માટે ગધેડે ચઢીને ઘેર ઉતરવા જેવો વખત ન આવે, તે તપાસજો. મી. મેંઢલકર પરણેલાતો નથી ને ? અને પરણ્યા હોયતો પહેલી સ્ત્રી કદાચ હયાત પણ હશે ? સુશીલાએ યુક્તીબંધ ઇસારો કર્યો.

હું કંઇ કાચી નથી, એ વીશેની પાકી તજવીજ પ્રકરણ ઉપસ્થીત થતાં પહેલાંજ કરી લીધી છે. મી. મેઢલક પરણેલા છે, તેમની પહેલી સ્ત્રી હયાત છે, પણ તેને છેડો ફાડી આપવાનું મી. મેંઢલકરે મારી પાસે લેખી કબુલ કર્યું છે, એ સ્ત્રી અભણ અને બીલકુલ બોથડ જેવી છે, મુળતો મહાર જાતી, ક્ષુદ્ર ધંધામાં જીવન ગાળવાનું, અને એવે ઠેકાણે એ સ્ત્રી ઉછરેલી હોવાથી તે મી. મેંઢલકરને પસંદ,

કેમ પડે ? તેની સાથે છુટા છેડા થયા પછીજ મેં લગ્ન કરવાનો નિશ્ચય કર્યો છે. પ્રમોદાએ હૃદય કપાટ ખુલ્લું મુક્યું.

અરેરે ! કેળવાએલી કાન્તાનું આ કર્તવ્ય કેટલું લજ્યાસ્પદ છે, શું સ્ત્રી કેળવણીનું આવુંજ ફળ ! બિચારી ગરીબ મહારજાતીની સ્ત્રીને રખડાવવાનો માર્ગ લેવો, અને તે માત્ર પોતાના મનસ્વી ફાંટાનેજ ખાતર ! ધીક્કાર છે, આ કેળવણી ને કે જે કાન્તાઓને સ્વધર્મનિષ્ટ, પાતિવૃત ધર્મમાં પ્રપૂર્ણ અને બ્રહ્મચય દ્રઢ ધારણ કરવાનું મનોબળ આપવાને બદલે મનસ્વી તુરંગે ચઢાવીને વીપરીત માર્ગે દોરે છે. તે પોતે બુડે છે, ને બીજાને બોળે છે ! અરે ! જેના ઉપર તેમનો પઠછાયો પડે છે, તેના ધર્મ–વૃત, નીતિ, સાધુત્વ ઇત્યાદીનું નખોદ કાઢી નાખે છે ! બસ, બહેન પ્રમોદા! તમને જે ગમે તે ખરૂં, અમને તમારા આચાર વિચારનું યથાર્થ દિગદર્શન મળ્યું છે, અને તેથી અમારા મનની શું સ્થીતિ થઇ છે, તે એક ઇશ્વર જાણતો ભલો છે. અમને તમારે માટે કંઇ લાગતું નથી, ઉર્મિલા બાઇને માટે પણ એમજ છે. કારણ કે તમે બંને સુધારા વાળાનાં સંતાનો છો; અને સુધરેલાં જે ન કરે તે થોડું. પણ અમને ખેદ માત્ર મહાત્મા દયારામ ભાઇને માટે થાય છે, એ સાધુ પુરૂષની દુનિયામાં થતી ટીકા અમને વજ્રઘાતજેવી વસમી લાગે છે.

અરે ! દયારામ ભાઈ જેવા સમર્થ પુરૂષની સ્થીતિ અમને દયા પાત્ર થઈ પડેલી દેખાય છે. તેમની સત્ય સ્થીતી શું છે ! તે અમે જાણતાં નથી; ભલે તેઓ "આનંદ લગ્ન" ના સજોડે બદલો અનુભવતાં હોય, પણ દુનિયાંની દ્રષ્ટીએ આનંદને આ નંદ શોકનોજ પડછાયો પ્રત્યક્ષ ભાસે છે, અને સાંભળનાર પ્રત્યેક સમજુ સ્ત્રી પુરૂષ નિશ્વાસ નાખી દયારામ ભાઇએ ઉર્મિલા બાઈ સાથે વૃદ્ધા વસ્થામાં, વાનપ્રસ્થ થયાં છતાં લગ્ન કેમ કર્યું ? એ સવાલ પુછી માહોમાંહ્ય તેમાં શું ગાંભીર્યતા સમાએલી છે, તે જાણવા–સાંભળવાને ઉત્સુકતા દર્શાવે છે. આટલું બોલી સુશીલાએ રજા લીધી, સાથે કુસુમ પણ ઉઠી બંને વીદાય થયાં. અલક કીશોરી પોતાના પતિને અને પ્રમોદા મી. મેંઢલકરને પત્ર લખવામાં રોકાયાં.

દયારામ ભાઈ અને ઉર્મિલાનાં લગ્ન થઇ ગયાં છે, હવે પ્રમોદાનાં અંત્યજ મી. મેંઢલકર સાથે લગ્ન થાય છે, કે કેમ ? તે જોઇશું. એમ બોલતાં કુસુમ અને સુશીલા રસ્તામાંથી પોતપોતાના મકાને જવાને છુટાં પડયાં.

સરસ અને સારી શાહી વાપરવા હોયતો

હેમીલ્ટન.

વાપરો

બ્લુબ્લેક શાહી રાઈટીંગ ફ્લુઈડ બ્લુબ્લેક શાહીને પાઉડર વીગેરે ૨) શાહી તેમજ રબર સ્ટેમ્પીંગ તથા **હેમીલ્ટન દુધ** પાઉડર વીગેરે અમારે ત્યાંથી કીફાયત ભાવે મળશે એક વખત વાપરવાથી ખાત્રી થશે

મળવાનું ઠેકાણું

પેઈન્ટર એમ. એચ. માસ્તર.

ઠે. કાળુપુર રોડ—**અમદાવાદ.**

અમારે ત્યાં સાઈન બોર્ડ પાટીયાં વીગેરેનું ચીત્ર **કામ થાયછે.**

તા૦ક૮—બહાર ગામ માટે સારા આબરૂદાર પ્રમાણીક **એજંટો** જોઈએ છીએ. અડધા આનાની પોષ્ટની ટીકીટો બીડી ખુલાસો **પુછો**

માલ વી. પી. થી મોકલવામાં આવશે. નોટપેટ કાગળ **લેવામાં** આવશે નહીં.

શું તમારે નાણાંની ભીડ છે!

બંગલાઓ, મકાનો, વીગેરે ઇસ્ટેટ, તથા સોનાના, ચાંદીના, ઝવેરાતના દાગીના ઉપર નાણાં અપાવનાર તથા શ્રીમંતોનાં **નાણાં** ધીરાવી દેનાર

મેસર્સ સી. આર. શાહ એન્ડ કો.

કમીશન એજંટ

માણેકચોક માણેકનાથના મંદીરના મેડે **અમદાવાદ.**

વહેલા તે પહેલા.

તૈયાર છે! તૈયાર છે! તૈયાર છે!

શ્રી. પાંચાળી ચરિત્ર-

અને

ચીર પૂર્ત્તિ

આ અમુલ્ય પુસ્તક

સ્ત્રીઓએ કદી હાથ પકડવું નહીં.

કારણ કે આ પુસ્તક વાંચ્યાથી સુધારાનું નિકંદન નીકળી જશે, અધર્મ—અનાચાર અદ્દશ થશે, ફેશનની ફીશીઆરીમાં ફસાએલી ફાંકડી વનિતાઓનું મન પાછું હઠશે, છુટ અને સ્વતંત્રતા મેળવી વિપરીત માર્ગે ગતિ કરતાં કાન્તાઓ અવશ્ય અટકશે, માટે આ પુસ્તક સ્ત્રીઓના હાથમાં શા [illegible] ?

સુધારાનું શત્રુ, ધર્મ અને નીતિનો સ્ત્રી પુરૂષોને સબોધ આપનાર, સ્ત્રીઓના અંતરમાં પતિવ્રત ધર્મનું સુબીજ સુદૃઢ સ્થાપનાર, અને પરિણામે આત્મકલ્યાણનો સુમાર્ગ સુચવનાર, આ પુસ્તક કાન્તાઓના કરકમળમાં શા માટે આપવું? બાળાઓએ શા માટે ગ્રહણ કરવું?

વળી જેમ આ પુસ્તકમાં ધર્મ નીતિ અને ભક્તિના જ્ઞાનનો ભરપૂર ખજાનો છે. તેમ દ્યુત (જુગાર) ના દોષનું જુગારીઓ ગુસ્સે થાય, તેવું દ્રષ્ટાન્તીક ચિત્ર છે, ગદ્ય-પદ્યાત્મક રચનાથી રચેલું છે, શ્રી કૃષ્ણ પરમાત્મા, ગોસ્વામીશ્રી દેવકીનંદનાચાર્ય, દ્રોપદી વસ્ત્રહરણ, તથા સર. જગમોહનદાસ વરજીવનદાસનાં ધર્મપત્નિ, અ. સૌ. લેડી લક્ષ્મીબાઇ, એરીતની ચાર દર્શનિય ચિત્ર પ્રતિમાઓથી યુક્ત છે, અને લાયબ્રેરીની શોભામાં વધારો કરે, તેવું સૌંદર્ય સંપન્ન છે, આવું પુસ્તક શા માટે ખરીદવું? છતાં ઇચ્છા હોય તો ખરીદો, અને વનિતાઓના હાથમાં આપો, અને પછી જુઓકે શું થાય છે? આ પુસ્તકની કીંમત રૂ. ૧-૪-૦ ને પોષ્ટેજ જુદુ પડશે. અને નિચેને ઠેકાણે લખવાથી જોઇશું, તો જડશે.

મહીકાંઠા ગેઝેટ ઓફીસ.

કાળુપુર રોડ—અમદાવાદ.